# 7. સ્વાતંત્ર્યોત્તર ભારત

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

### 1) દેશી રાજ્યોના વિલિનીકરણ અંગે સંક્ષેપમાં માહિતી આપો.

- સ્વરજ્ય મળ્યું ત્યારે ભારતમાં નાનં-મોટાં મળીને 562 દેશી રાજ્યો હતા.
- તેમનું ક્ષેત્રફળ સ્વતંત્ર ભારતના કુલ ક્ષેત્રફળ પૈકી 48% હતું. તેમની કુલ વસ્તી દેશની કુલ વસ્તીના લગભગ પાંચમાં ભાગ જેટલી હતી.
- કશ્મીર, હૈદરબાદ અને મૈસુર મોટાં રાજ્યો હતાં.
- બધાં દેશી રાજ્યોનાં રાજાઓ તેમજ નવાબોને ભારતીય સંઘમાં જોડાવાં માટે સમજાવવા એ ભગીરથી કાર્ય હતું. આ કાર્ય ઝડપથી પૂરું કરવાનું હતું.
- સૌ પ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર સિંહે 15 જાન્યુઆરી, 1948ના રોજ ભાવનગરમાં, જવાબદાર સરકાર' શરૂ કરી, સરદાર પટેલના પ્રયત્નથી સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં ભાવનગર રાજ્ય 15 ફેબ્રુઆરી, 1948માં તેમાં વિલીન થઈ ગયું.
- સરદાર પટેલ અને તેમના સચિવ વી.પી.મેનનની મદદથી તેમણે દેશી રાજ્યો માટે એક ‘જોડાણખત’ અને ‘જૈસે થે કરાર’નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. સરદાર વલ્લભભાઈ પટેલે વ્યવહારુ બુદ્ધિથી લગભગ બધાં દેશી રાજ્યોની ભારતમાં વિલિનીકરણની પ્રક્રિયા શરૂ કરી. સરદાર પટેલે દેશી રાજાઓને અપીલ કરી કે તેમના શાસન હેઠળ પ્રજા અને ભારતીય સંઘના હિતમાં તેઓ પોતાનાં રાજ્યોનો સ્વેચ્છાએ ત્યાગ કરે અને એક મજબૂત, અખંડ અને સમૃદ્ધ ભારતનો પાયો નાખવામાં પોતાનો સહકાર આપે. સરદાર પટેલે ભારત સરકાર વતી રાજાઓને તેમનાં સાલિયાણાં, દરજ્જો, હકો અને હિતોના રક્ષણની ખાતરી આપી.
- સરદાર વલ્લભભાઈ પટેલે રજૂ કરેલા મુસદ્દથી રાજાઓ સંતુષ્ટ થયા.
- આથી જમ્મુ-કશ્મીર, જુનાગઢ, અને હૈદરાબાદના શાસકો સિવાયનાં બધાં રાજાઓએ 15 ઑગષ્ટ, 1947 પહેલાં જ જોડાણખત પર હસ્તાક્ષર કરી પોતાનાં રાજ્યો અને રિયાસતોને ભારતીય સંઘ સાથે જોડી દીધાં.
- જમ્મું-કશ્મીર, જુનાગઢ અને હૈદરાબાદના જોડાણના પ્રશ્નો જુદી રીતે ઉકેલવામાં આવ્યાં.
- જુનાગઢના નવાબ સામે લશ્કરી કાર્યવાહી તેમજ પ્રજાની પ્રબળ ઈચ્છશક્તિ વડે જુનાગઢને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.
- હૈદરાબાદના નિઝામ સામે ‘પોલિસ પગલું’ ભરીને હૈદરાબાદને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આઝાદી પછી પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર પર આક્રમણ કર્યું. એ સમયે કશ્મિરનું રક્ષણ કરવા ભારત સરકારને મદદ મેળવવા રાજા હરિસિંહે તત્કાલિક જોડાણ ખત પર સહી કરી જમ્મુ-કશ્મીરને ભારતીય સંઘ સાથે જોડી દીધું.

### 2) હૈદરાબાદ અને જુનાગઢમાં રાજ્યો ભારતીય સંઘમાં કેવી રીતે ભળ્યાં ? સંક્ષેપમાં ચર્ચા કરો.

- હૈદરાબાદ : ભારતને સ્વરાજ્ય મળ્યું એ પૂર્વે હૈદરાબાદના નવાબ નિઝામે ભારતીય સંઘોથી સ્વતંત્ર રહેવાની ઈચ્છા પ્રગટ કરી અને પોતાના રાજ્યને 15 ઑગસ્ટના દિવસે સ્વતંત્ર જાહેર કર્યું.
- સરદાર પટેલે નિઝામને સમજાવવા તેને સાથે વાટાઘાટો શરૂ કરી, તેમણે નિઝામ વતી વાટાઘાટો કરનાર અધિકારીને સ્પષ્ટ જણાવી દીધું કે, હૈદરબાદના લોકો ભારતીય સંઘ સાથે જોડાવાની તીવ્ર ઈચ્છા ધરાવે છે. તેથી તેમની ઈચ્છ મુજબ હૈદરબાદનું ભારતીય સંઘ સાથે જોડાણ કરવું એ સૌના હિતમાં છે.
- એ સમયે નિઝામના અધિકારીઓએ તેની સેનાએ પ્રજા પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. લોકોને એમાંથી બચવા માટે ભારત સરકારે હૈદરબાદ સામે 18 સપ્ટેમ્બર, 1948ના રોજ 'પોલિસ પગલું' ભરીને તેને ભારતીય સંઘ સાથે જોડી દીધું. નિઝામે શરણાગતિ સ્વીકારી. નિઝામને તેનાં હિતોના રક્ષણની બંધરી આપવામાં આવી. આ કામગીરીમાં શ્રી કનૈયાલાલ મુનશીએ મહત્વની ભુમિકા ભજવી હતી.
- જુનાગઢ : જૂનાગઢના નવાબે આઝાદીના દિવસે જ જુનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કર્યું હતું. પાકિસ્તાને તેને મંજુર કર્યું.
- સરદાર પટેલે જુનાગઢના નવાબ સામે પગલાં લેવાનું નક્કી કર્યું.
- મુંબઈમાં જુનાગઢના નાગરિકોને જુનાગઢને ભારતીય સંઘમાં જોડાવા માટે 'આરઝી હુકુમત'ની સ્થાપના કરી. સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યો અને લોકોએ નવાબના પાકિસ્તાન સાથેના જોડાણનો વિરોધ કર્યો.
- જુનાગઢના નવાબે રાજ્યની પ્રજાને ત્રાસ આપવા માંડ્યો.
- ભારતના સૈન્યએ અને નૌકાદળે જુનાગઢને ચોતરફથી ઘેરી લીધું આખરે નવાબ પોતાની સલામતી માટે પાકિસ્તાન ભાગી ગયો.
- ભારત સરકારે 9 નવેમ્બર, 1947ના રોજ જુનાગઢનો કબજો લીધો. એ પછી લોકમત લેવાતાં લોકોએ જુનાગઢને સંપૂર્ણપણે ભારતીય સંઘ સાથે જોડી દેવાની તરફેણ કરી.
- આમ, સરદાર પટેલની કુનેહ અને જૂનાગઢનું ભારતીય સંઘ સાથે જોડાણ થયું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 3) દીવ, દમણ અને ગોવાના ભારતીય સંઘમાં જોડાણની માહિતિ આપો.

- ઈ.સ. 1950માં ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું.
- એ સમયે ગોવા, દીવ અને દમણ પોર્ટુગીઝોનાં સંસ્થાનો હતાં.
- એ સંસ્થાનો ભારતને સોંપી દેવા ભારત સરકારે સમજાવટ અને વાટાઘાટો દ્વારા બહુ પ્રયત્નો કર્યાં. પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું.
- ગોવાને ભારતીય સંઘમાં જોડી દેવા લોકોએ ઉગ્ર આંદોલન શરૂ કર્યું. લોકોએ મોટા પાયા પર સત્યાગ્રહ કર્યો. ત્રિરંગો ધ્વજ ફરકાવવા બદલ પોર્ટુગીઝ સરકારે સેંકડો સત્યાગ્રહીઓની ધરપકડ કરી. 15 ઑગસ્ટ, 1955 ના રોજ લોકોએ 'ગોવા મુક્તિ આંદોલન' કરી ગોવા, દીવ, દમણમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો. પોર્ટુગીઝ સત્તાવાળાઓ સાથેની અથડામણમાં અનેક સત્યાગ્રહીઓ શહિદ થયાં.
- વાટાઘાટો, સમજાવટ અને સત્યાગ્રહ જેવા શાંત પ્રયાસો દ્વારા સફળતા નહિ મળે એમ માનીને ભારત સરકારે ગોવા, દીવ અને દમણને મુક્ત કરવા જનરલ ચૌધરીના નેતૃત્વ હેઠળ 'ઑપરેશન વિજય' નામનું લશ્કરી અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો.
- 18 ડિસેમ્બર, 1961ના રોજ હેઠળ લશ્કરે અભિયાન શરૂ કર્યું. ભારતનાં લશ્કરી દળોએ ગોવા, દીવ અને દમણમાં પ્રવેશ કર્યો. 19મી ડિસેમ્બરની રાત્રે ગોવાના પોર્ટુગીઝ ગવર્નર જનરલ ડિ-સિલ્વાએ શરણાગતિ સ્વીકારી. આમ, ગોવા, દીવ અને દમણમાંથી પોર્ટુગીઝ શાસનનો અંત આવ્યો. ત્રણેય સંસ્થાનોમાં ભારતનો રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો.

## 2. નીચેના પ્રશ્નો વિશે ટૂંકમાં જણાવો :

### 1) દેશી રાજ્યોને ભારતીય સંઘમાંજોડાવા સરદાર પટેલે કઈ અપીલ કરી ?

- દેશે રાજ્યોને ભારતીય સંઘમાં જોડાવાં સરદાર પટેલે આ અપીલ કરી ; 'તેમના શાસન હેઠળની પ્રજા અને ભારતીય સંઘના હિતમાં, તેઓ પોતાના રાજ્યોનો સ્વેચ્છાએ ભારતીય સંઘમાં જોડાવા પોતાની સંમતી આપે.'

### 2) હૈદરાબાદમાં શા માટે 'પોલિસ પગલું'ભરવામાં આવ્યું હતું ?

- સરદાર પટેલે નિઝામને સમજાવવા તેની સાથે વાટાઘાટો શરૂ કરી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તેમણે નિઝામ વતી વાટાઘાટો કરનાર અધિકારીઓને સ્પષ્ટ કહી દીધું કે 'હૈદરાબાદના લોકો ભારતીય સંઘ સાથે જોડાઈ જવાની તીવ્ર ઈચ્છા ધરાવે છે. તેથી તેમની ઈચ્છા મુજબ હૈદરાબાદનું ભારતીય સંઘ સાથે જોડાણ કરવું એ સૌના હિતમાં છે.
- એ સમયે નિઝામના અધિકારિઓએ અને સૈન્યે લોકો પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. લોકોને એ અસહ્ય પરિસ્થિતિમાંથી બચાવવા માટે ભારત સરકારને હૈદરબાદ સામે 'પોલીસ પગલું' ભરવું પડ્યું.

## 3) ફ્રેંચ સરકાર તેની ભારતમાંની વસાહતો ભારતને સોંપી દેવા માટે તૈયાર થઈ ?

- ઈ.સ. 1950માં ભારત સાર્વભૌમ, પજાસત્તાક રષ્ટ્ર બન્યું. એ સમયે ભારતમાં ફ્રેંચોની પુંડુચેરી સહિત પાંચ વસાહતો હતી.
- એ પ્રદેશોન લોકો ભારતીય સંઘમાં જોડાવા માંગતા હતાં. એ માટે તેમણે ઉગ્ર સ્વાતંત્ર્ય-ચળવળો શરૂ કરી. ફ્રેંચ સરકારે એ ચળવળોને દબાવી દેવાના પ્રયત્નો શરુ કર્યા.
- ઈ.સ. 1948માં પુંડુચેરીના લોકોએ એક વિરાટસભા યોજી ફ્રેંચ સરકારને 'ભારત છોડો'નું એલાન આપ્યું.
- ભારત સરકારે પુંડુચેરીનું શાંતિમય સમાધાન કરવા ફ્રેંચ સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. પરંતુ લોકો પુંડુચેરીને તાત્કાલિક આઝાદ કરી ભારતમાં જોડી દેવા માંગતાં હતાં. ફ્રેંચોના અંકુશ હેઠળની અન્ય વસાહતોના લોકોએ પણ ચળવળ શરૂ કરી હતી.
- યેનામન અલોકોની મુક્તિસેનાએ ઈ.સ. 1954માં યેનામના વહીવટ પોતાના હસ્તક લઈ લીધો.
- લોકોના નિજાજ પારખીને ફ્રેંચ સરકારે 13 ઑક્ટોબર, 1954માં ભારત સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. વાટાઘાટોના અંતે ફ્રેંચ સરકારને પુંડુચેરી, કરાઈકલ, ચંદ્રનગર, માહે અને યમન આ પાંચ ભારતમાંની વસાહતો ભારતને સોંપી દેવા તૈયાર થઈ.

## 4) 'ઑપરેશન વિજય' એટલે શું ?તે શા માટે કરવામાં આવ્યું ?

- 'ઑપરેશન વિજય'એટલે ભારત સરકારે ગોવને પોર્ટુગીઝ સરકારના અંકુશથી મુક્ત કરવા શરૂ કરેલું લશ્કરી અભિયાન.
- ઈ.સ. 1950માં ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું એ સમયે ગોવા, દીવ અને દમણ પોર્ટુગીઝોનાં સંસ્થાનો હતાં.
- એ સંસ્થાનો ભારતને સુપ્રત કરવા ભારત સરકારે સમજાવટ અને વાટાઘાટો દ્વારા બહુ પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ગોવાને ભારતમાં જોડી દેવા લોકોએ ઉગ્ર આંદોલન શરૂ કર્યું. 18 જૂન, 1954ના રોજ લોકોએ મોટા પાયા પર સત્યાગ્રહ કર્યો.
- 15 ઑગસ્ટ, 1955ના રોજ હજારો લોકોએ 'ગોવામિક્તિ આંદોલન' કરી ગોવા, દીવ અને દમણમાં પ્રવેશવા પ્રયત્ન કર્યો.
- પોર્ટુગીઝ સત્તાવાળાઓ સાથેની અઠડામણમાં અસંખ્ય સત્યાગ્રહીઓ શહીદ થયા. પોર્ટુગીઝ સત્તાવાળાઓના અત્યાચારો વધી ગયા. ગોવામાં સ્ફોટક પરિસ્થિતિ સર્જાઈ.
- વાટાઘાટો, સમજાવટ અને સત્યાગ્રહ જેવા શાંત પ્રયાસોને સફળતા નહિ મળે એમ લાગવાથી ભારત સરકારે ગોવાને મુક્ત કરવા જનરલ ચૌધરીની આગેવાની હેઠળ 'ઑપરેશન વિજય' હાથ ધરવામાં આવ્યું.

## 3. નીચેના પર ટૂંકનોંધ લખો.

### 1) દેશી રાજ્યો-રિયાસતોના એકીકરણમાં સરદાર પટેલનો ફાળો

- 15 ઑગષ્ટ, 1947 પહેલા ભારતમાં નાનાં-મોટાં 562 દેશી રાજ્યો હતાં. ભારતની સાથે એમને પણ સ્વતંત્રતા મળી.
- સરદાર પટેલ જુલાઈ. 1947માં વચગાળાની સરકારના ગૃહમંત્રી બન્યાં. તેઓ દીર્ઘદ્રષ્ટી અને લોખંડી મનોબળ ધરાવતા ગૃહમંત્રી હતા.
- તેમણે અને તેમના સચિવ વી.પી.મેનને 'જોડાણખત' અને 'જૈસે થે કરાર'નો મુસદ્દો તૈયાર કર્યો અને દેશી રાજ્યોની ભારતીય સંઘ સાથેના એકીકરણની પ્રક્રિયા ખૂબ ઝડપથી શરૂ કરી. તેમણે દેશી રાજાઓની તેમની પ્રજા અને રાષ્ટ્રના હિતમાં પોતાનાં રાજ્યોનો સ્વેચ્છાએ ત્યાગ કરવા અને ભારતીય સંઘને એક, અખંડ, મજબૂત તથા સમૃદ્ધ બનાવવાનો પાયો નાંખવામાં તેમનો સહકાર આપવા અપીલ કરી.
- તેમણે રજાઓ સાથે વ્યક્તિગત ચર્ચાઓ કરી તેમની શંકાઓ નિર્મૂળ કરી.
- તેમણે ભારત સરકાર વતી એ રાજાઓને તેમનો દરજ્જો, હકો અને હિતોના રક્ષણની તેમજ સલિયાણા અપવાની ખાતરી આપવામાં આવી.
- આથી હૈદરાબાદ, જુનાગઢ અને જામ્મુ-કશ્મીરના શાસકો સિવાયના બધા રાજાઓએ જોડાણખત પર હસ્તાક્ષર કરી તેમના રાજ્ય અન રિયાસતોનું ભારતીય સંઘ સાથેનું જોડાણ કર્યું.
- હૈદરાબાદના નિઝામે સ્વતંત્ર રહેવાનો નિર્ણય કરતા તેની સામે 'પોલિસ પગલું' ભરી તેના રાજ્યને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.
- જુનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો. સરદાર પટેલે તરત જ ભારતીય સૈન્ય અને નૌકાદળને જુનાગઢની ચારે બાજુ ગોઠવી દીધું. જુનાગઢનો નવાબ પોતાની

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સલામતી માટે પાકિસ્તાન ભાગી ગયો. નવેમ્બર, 1947માં ભારત સરકરે લોકમત લઈને જુનાગઢને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.

- કશ્મીરના રાજા હરિસિંહે કશ્મીરનું વિધિસર ભારતીય સંઘ સાથે જોડાણ કર્યું.
- સરદાર પટેલની આ સિદ્ધિઓમાં તેમના મુખ્ય સચીવ વી.પી.મેનનનો ફાળો ખૂબ મહત્વનો હતો.
- આમ, સરદાર પટેલ અને વી.પી.મેનને ખૂબ ધીરજ અને અસાધારણ કુનેહ દાખવી દેશી રાજ્યો અને રિયાસતોનું ભારતીય સંઘ સાથે એકીકરણ કરી ભારતને એક અખંડ રાષ્ટ્ર બનાવ્યું.

## 2) ભારતનો ટેકનોલૉજી ક્ષેત્રે વિકાસ

- છેલ્લા 50 વર્ષોમાં ભારતે વિજ્ઞાન અને ટૃકનોલૉજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. વિકસીત દેશોની તુલનામાં ભારતે આ ક્ષેત્રે સાધેલો વિકાસ અદ્વિતિય છે.
- ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલૉજીન અવિકાસમાં ડૉ. હોમી ભાભા, ડૉ> રાજા રમન્ના, ડૉ, વિક્રમ સારાભાઈ, ડૉ.સી.વી.રામન, સર એમ.વિશ્વરૈયા, સામ પિત્રોડા, ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ, ઈ.શ્રીધરન વગેરે વૈજ્ઞાનિકો, ઈજનેરો ટેકનોક્રોટોએ નોંધપાત્ર ફાળો આપ્યો.
- આ ઉપરાંત, ભારતીય મહિલાઓએ પણ વિજ્ઞાન અને ટૃકનોલૉજીના ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે. વનસ્પતિ ક્ષેત્રે જાનકી અમ્મા. રસાયણશાસ્ત્રના ક્ષેત્રઅસીમા ચેટરજી. તબીબી ક્ષેત્રે ડૉ.ઈન્દીરા આહુજા, ગણિતશાસ્ત્રમાં માનવ સંગણકમાં શકુંતલાદેવી, અવકાશ ક્ષેત્રે કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ.
- વિજ્ઞાન અને ટેકનોલૉજીના શિક્ષણ અને સંશોધન માટે 'ઈન્ડીયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સિસ,' 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલૉજી', ઈન્ડિયન રિસર્ચ ઑર્ગેનાઈઝેશન', ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી' વગેરે સંસ્થાઓએ મહત્વનો ફાળો આપ્યો છે.
- ભારતે અદ્યતન કૃષિ ટેકનોલૉજી, કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ યુનિવર્સિટીઓનો ઉપયોગ કરીને તેમજ સિંચાઈ યોજનાઓ દ્વારા 'હરિયાળી ક્રાંતી' કરી છે. આ ક્રાંતિના પરિણામે ભારત અન્ન ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બન્યુ છે.
- પરમાણુ વિજ્ઞાન અને ટૃકનોલૉજીની બાબતમાં ભારતે હરણફાળ ભરી છે. ભારતે ભાભા પરમાણુ ક્ષેત્ર સંશોધન, વૈજ્ઞાનિકો, ઈજનેરો અને ટેકનોક્રેટોના સંયુક્ત પ્રયાસથી અદ્યતન પરમાણુ મથકો ઉભા કર્યાં છે. ભારતે પરમાણુ બૉમ્બ અને વિવિધ અંતરના મિસાઈલો વિકસાવ્યાં છે. દેશના સંરક્ષણ માટે ભારતે રાજસ્થાનમાં પોખરણ ખાતે બે વખત સફળ પરમાણુ પરીક્ષણ કર્યાં છે.
- ભારતે અવકાશ સંશોધન ક્ષેત્રે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ભારતે 'આર્યભટ્ટ', 'ભાષ્કર', 'રોહિણી' જેવા ઉપગ્રહો અવકાશમાં છોડ્યાં છે, તેમજ ઉપગ્રહો છોડવા માટેનાં વ્હિકલનો વિકાસ કર્યો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- છેલ્લા એક જ દાયકામાં ભારતે ટેલિકમ્યુનિકેશન અને માહિતી ટેકનોલૉજી ક્ષેત્રે અદ્વિતિય પ્રગતિ સાધી છે. દેશમાં ટેલિફોન, મોબાઈલ ટેલિફોન, ટી.વી., કમ્પ્યુટર વગરે ઉપકરણનો ઉપયોગ ઉત્તરોત્તર વધતો જાય છે.
- આ ઉપરાંત, ભારતમાં ઉદ્યોગો, ઉર્જા, કૃએષિ, આરોગ્ય વગ્રે ક્ષેત્રોમાં બાયો-ટેકનોલૉજીનો ઉપયોગ પણ સતત વધી રહ્યો છે.

## 3) હરિયાળી ક્રાંતિ

- ભારતમાં કૃષિ ક્ષેત્રે આવેલા ટેકનિકલ અને સંસ્થાગત સુધારાઓને પરિણામે દેશ અન્ન-ઉત્પાદનમાં સ્વાવલંબી બન્યો છે. દેશમાં કૃષિ-ઉત્પાદન ઘણું વધું છે. આ ઘટનાને 'હરિયાળે ક્રાંતિ' કહેવાય છે.
- ભારતે હરિયાળી ક્રાંતિ સાધી એની પાછળ રહેલા કારણો :
- મોટા જળાશયોઅને બંધોમાંથી કાઢેલી નહેરો વડે વિકસાવવામાં આવેલી સગવડો.
- અદ્યતન કૃષિ ટેકનોલૉજીનો ઉપયોગ.
- કૃષિ સંશોધન સંસ્થાઓ, પ્રયોગશાળાઓ અને કૃષિ-યુનિવર્સિટીઓ દ્વારા મળતું સંશોધન-માર્ગદર્શન.
- ઉત્તમ બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, વીજળી, પંપ સેટ કે ટ્રેંકટરની ખરીદીમાં ખેડુતોને અપાતી રાહતો.
- ખેડુતોને આર્થિક લોન કે સબસિડી સ્વરૂપે અપાતી નાણાકીય સહાય.
- ખેડુતોને વર્તમાનપત્રો, આકાશવાણી, દૂરદર્શનઅને કૃષિમેળાઓ દ્વારા કૃષિની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે અપાતું માર્ગદર્શન.
- જિલ્લા કક્ષાએ સ્થપાયેલાં 'ખેડુત તાલીમ કેન્દ્રો' વગેરે.

## 4) પ્રદેશવાદ

- ભારતદેશ અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધ ધર્મો, ભાષાઓ, જાતિઓ, જ્ઞાતિઓ અને સાંસ્કૃતિઓ ધરાવતા સદીઓથી એકસાથે રહેતા હોવાથી તેમની વચ્ચે ભાવાત્મક એકતા છે.
- ભારતીય સમાજમાં વિદ્દશી પ્રજા અને તેમનાં સાંસ્કૃતિક મૂલ્યોનો સમન્વય થયો. એ પ્રજા જે પ્રદેશમાં લાંબા સમયથી વસવાટ કરતી હતી તેમને ત્યાની ભૂમિ માટે એક પ્રકારની લાગણી જન્મી તેને 'પ્રદેશવાદની ભાવના' કહેવામાં આવે છે.
- પ્રદેશવાદના ઉદ્દભવ અને વિકાસ માટે મુખ્યત્વે ભાષા, જાતિ, અને ધર્મ આ ત્રણેય પરિબળો જવાબદાર છે.
- ભાશાવાદે પ્રદેશવાદને ઉત્તેજન આપ્યું છે. ઉત્તર ભારતમાં હિંદીભાષી પ્રજામાં અને દક્ષિણ ભારતમાં બિનહિંદીભાષી પ્રજામાં પ્રદેશવાદની લાગણી તીવ્ર છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ઉત્તર-પૂર્વ ભારતનાં રાજ્યોમાં એક જ કોમની બહુમતી છે. આ પ્રજા પોતાનો અલગ ધર્મ પાળે છે. દા.ત. નાગાલૅન્ડ, મિઝોરમ, મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, વગેરે રાજ્યોની પ્રજાના રીતરિવાજો, પરંપરા, જીવનશૈલી, વ્યવસાય, વગેરેમાં વિવિધતા પ્રવર્તે છે. તેમનામાં ધર્મને કારણે પ્રદેશવાદની ભાવના જન્મી છે.
- પ્રદેશવાદના જાતિવાદના પરિબળને કારણે પંજાબ અને હરિયાણાની રચના થઈ. બિહારમાંથી ઝારખંડ રાજ્ય મધ્ય પ્રદેશમાંથી છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશમાંથી ઉત્તરાખંડ રાજ્ય આ જ કારણે રચાયાં છે. આજે મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ રાજ્ય રચવાની માંગણી થઈ રહી છે. પ્રદેશવાદની સંકુચિત લાગણીનો વિચાર વધતો જાય છે.
- કેટલાક પ્રદેશો-રાજ્યોનાં નેતાઓ અને કેટલાંક બળવાખોરો જુથો લોકલાગણીએ ઉશ્કેરી પ્રદેશવાદને ઉત્તેજન આપે છે. આ પરિબળો દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે નુકશાનકારક છે.

### 5) પ્રાદેશિક અસમાનતા

- ભારતમાં વિદેશી શાસકોએ જે પ્રદેશોમાં પોતાને આર્થિક લાભ થયો નહોતો તે પ્રદેશોમાં વિકાસનાકામો કર્યાં નહિ. પરિણામે એ વિસ્તારોમાં પ્રાદેશિક અસમાતના સર્જાઈ.
- ભારતની ભૌગોલિક વિશાળતા અને ભિન્નતાઓને કારણે દેશના જુદા જુદા પ્રદેશોનો-રાજ્યોનો સમતોલ આર્થિક વિકાસ થયો નથી.
- આહ્દી પછી ભારતનો આર્થિક, સામાજિક અને અન્ય ક્ષેત્રોમાં સમતોલ વિકાસ સાધવા માટે આયોજનપંચની રચના થઈ. તેનો મુખ્ય હેતુ જુદા જુદા પ્રદેશોનો હતો. પરંતુ પ્રદેશવાદના દબાણો, રાજકીય કારણોથી વિકાસ યોજનાઓ પોતાના પ્રદેશમાં લઈ જવાની ખેંચતાણ, વિકાસ માટેના સ્રોતો, વગરે અનેક પરિબળોને લીધે દેશના બધા પ્રદેશોનો સમતોલ વિકાસ સાંધવામાં નોંધપાત્ર સફળતા મળી નથી. આથી, સમતોલ વિકાસની બાબતોમાં અસમાનતા પ્રવર્તતી જોવા મળે છે.
- ભાર્તના જુદા જુદા રાજ્યોમાં માથાદીઠ આવક, સાક્ષરતાનો દર, આરોગ્ય અને શિક્ષણ સેવાઓ, ઉદ્યોગીકરણની માત્રા, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડો, શહેરીકરણનો દર વગેરે બબતોમાં અસમાનતાઓ પ્રવર્તે છે. તેથી દેશમાં વિકસિત, મધ્યમવિકસિત અને અલ્પવિકસિત રાજ્યો જોવા મળે છે.
- કેટલાક રાજ્યોના આંતરિક પ્રાદેશિક વિકાસમાં પણ અસમાનતા જોવા મળે છે. મહારાષ્ટ્ર વિકસિત રાજ્ય છે પણ તેના વિદર્ભ અને મરાઠાવાડના વિસ્તારો પછાત છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આંધ્ર પ્રદેશરાજ્યમાં રયલસીમા અને તેલંગણા રાજ્યના કેટલાક વિસ્તારો અલ્પવિકસીત છે. ભારતના કેટલાક રાજ્યો કૃષિ વિકાસમાં તેઓ કેટલાક રાજ્યો ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે. આમ, રાજ્યો-રાજ્યો વચ્ચે ઘણી બાબતોમાં અસમાનતાઓ પ્રવર્તે છે.
- પ્રદેશવાદને કારણે કેટલાક રાજ્યો વચ્ચે સરહદી જમીન તથા જળની વહેંચણીના વિવાદો ચાલી રહ્યા છે. મહારષ્ટ્ર અને કર્ણાટક રાજ્યની વચ્ચે તથા પંજાબ અને હરિયાણા રાજ્યોની સરહદ માટેની જમીનના વિવાદ ચાલી રહ્યા છે. પોતાના રાજ્યની ખનીજ સંપત્તી અને જંગલસંપત્તી પોતાને જ મળે એવી પ્રાદેશિક સંકુચિતતા પ્રજામા જોવા મળે છે.

4. દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

1) સ્વતંત્રતા મળી ત્યાર બાદ ભારતના તત્કાલિક ગૃહ પ્રધાન તરીકે કોની નિમણુક થઈ હતી ?

(A) સુભાષચંદ્ર બોઝ

(B) વડોદરના ગાયકવાડ

(C) સરદાર વલ્લભભાઈ પટેલ

(D) મોતિલાલ નેહરુ

2) નીચેનામાંથી કયો પ્રદેશ કેન્દ્રશાસિત પ્રદેશ નથી ?

(A) ચંદીગઢ

(B) જમ્મુ-કશ્મીર

(C) લક્ષદ્વિપ

(D) પૉંડિચેરી

3) હાલ ભારતીય સંઘમાં કેટલાક રાજ્યો અસ્તિત્વમાં છે ?

(A) 26 રાજ્યો

(B) 27 રાજ્યો

(C) 28 રાજ્યો

(D) 29 રાજ્યો

4) ઈ.સ. 2014માં આંધ્ર પ્રદેશ માંથી કયું રાજ્ય અલગ પડ્યું ?

(A) ઉત્તરાખંડ

(B) છત્તીસગઢ

(C) તેલંગણા

(D) બિહાર

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5) ઝારખંડ રાજ્ય કયા રાજ્યમાંથી અલગ થયું ?

(A) છત્તિસગઢ

(B) બિહાર

(C) તેલંગણા

(D) ઉત્તરાંચલ

6) નીચેનામાંથી કયું રાજ્ય સેવન સિસ્ટર્સમાનું એક નથી ?

(A) મણિપુર, આસામ

(B) ત્રિપુરા, અરુણાચલ

(C) મિઝોરમ, નાગાલેન્ડ

(D) ઉત્તરાખંડ, ઝારખંડ

7) નીચેનામાંથી કયું રાજ્ય ભારતીય સંઘમાં 29 રાજ્યોમાનું એક નથી ?

(A) આંધ્રપ્રદેશ

(B) ગોઆ

(C) દિલ્લી

(D) ગુજરાત

8) ગુજરાત રાજ્યનો સ્થાપનાદિન કયો છે ?

(A) 1 મે, 1961

(B) 1 મે, 1960

(C) 1 મે, 1962

(D) 1 મે, 1970

9) ભારત સ્વતંત્ર બન્યા પછી સામાજિક અને આર્થિક વિકાસ માટે કયા પંચની રચના કરી ?

(A) કૃષિપંચની

(B) શિક્ષણપંચની

(C) આયોજનપંચની

(D) કોઠારીપંચની

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in